### ચાણક્ય કિડ્સ સ્કૂલ દ્વારા બાળદિનની વિશિષ્ટ ઉજવણી

# ‘સે નો ટુ ચાઈલ્ડ લેબર’ થીમ ઉજાગર કરાયું







ચાણક્ય કિડ્સ સ્કૂલ, સૅક્ટર-૨ સી દ્વારા બાળદિનની ઉજવણી વિશિષ્ટ રીતે કરવામાં આવી હતી. બાળમજૂરી અને શ્રમ એ સમાજનું દૂષણ છે અને તેને અટકાવવા તથા સમાજમાં તે અંગે જાગૃતિ અર્થે ‘સે નો ટુ ચાઈલ્ડ લેબર’ થીમ અંતર્ગત વેશભૂષા કાર્યક્રમ સ્કૂલ દ્વારા યોજવામાં આવ્યો હતો. સ્કૂલમાં અભ્યાસ કરતા નાનાં બાળકોએ ચાઈલ્ડ લેબરની વેશભૂષા અને પોસ્ટર્સ નિદર્શનના માધ્યમથી અસરકારક રીતે થીમના સંદેશને વહેતો મૂક્યો હતો.

## જન્મદિને વધામણી



છવિ ઉજ્જવલ વૈશ્યક
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪



તુલસી
અજયકુમાર ઠાકોર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## ડીપીઍસ દ્વારા બાળદિનની અનોખી ઉજવણી કરાઈ




દિલ્હી પબ્લિક સ્કૂલ,ગાંધીનગર દ્વારા બાળ-દિન નિમિત્તે ગરીબ બાળકો માટે રમત-ગમતનું આયોજન કરવામાં આવ્યું હતું. પછાત અને સમાજના અંતિમ છેડા સુધી કાર્ય કરવાના અભિગમના ભાગરુપે ‘બાળદિન’ની વિશિષ્ટ ઉજવણી કરવાના હેતુથી વંચિત બાળકો માટે સ્કૂલ દ્વારા સ્કૂલ કેમ્પસમાં જ રમત-ગમતનું આયોજન કરવામાં આવ્યું હતું. ભોજન તથા સાંસ્કૃતિક કાર્યક્રમની મજા માણીને બાળકો સંતુષ્ટ થયા હતા.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે. પટેલ સ્કૂલ ખાતે બાળદિનની ઉજવણી કરવામાં આવી હતી. ચોકલેટ, ફુગ્ગા અને મુક્ત નાચના માધ્યમથી આ ઉજવણી પૂર્ણ કરવામાં આવી હતી.

## વિકલાંગ સહાયક કેન્દ્ર દ્વારા વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૧૫

વિકલાંગ સહાયક કેન્દ્ર, અમદાવાદ દ્વારા વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

૩જી ડિસેમ્બરના રોજ અમદાવાદ ટાઉનહોલ ખાતે યોજાઈ રહેલા આ કાર્યક્રમમાં દિવ્યાંગો દ્વારા ગીત, સંગીત મઢ્યો સાંસ્કૃતિક કાર્યક્રમ અને કલા પ્રદર્શન પણ કરવામાં આવશે.

આ પ્રસંગે સર્વધર્મના વડા, ઉદ્યોગપતિઓ, ડોક્ટર્સ, વકીલો, નામાંકિત કલાકારોની ઉપસ્થિતિ રહેશે, જેમના હસ્તે દિવ્યાંગજનોને ઍવોર્ડ પણ એનાયત કરવામાં આવશે. સૌ રસિકોને કાર્યક્રમ માણવા સંસ્થા તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે.

## જીઆઈપીઍસના પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા બાળદિનની ઉત્સાહપૂર્ણ ઉજવણી સંપન્ન



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ ખાતે પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા ‘બાલ દિન’ની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં બાળકોને ચાચા નહેરુ વિષે જાણકારી આપવામાં આવી હતી અને બાળકોને વિવિધ રમતો રમાડવામાં આવી હતી.







રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના ભાગરૂપે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર ખાતે મહેંદી હરિફાઈ અને રંગોળી હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને સ્પર્ધાઓમાં કલારસિકો, બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને જોવાલાયક કૃતિઓનું સર્જન કરી આ ઉજવણીને સાર્થક બનાવવામાં સહયોગ આપ્યો હતો.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

## ઍસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ દ્વારા રવિવારે પૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૧૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ઍસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ ઑફ મૅનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યુટર સ્ટડીઝ - ઍમબીએ દ્વારા પૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલન કાર્યક્રમ ‘પ્રતિ સ્મૃતિ’નું આયોજન તારીખ ૧૭ નવેમ્બરના રોજ કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ જ્યુબિલીએશન હોલ, ઍસ જી હાઈવે, અમદાવાદ ખાતે યોજાઈ રહ્યો છે, જેમાં ૧૯૯૮થી માંડીને ૨૦૧૯ સુધીની દરેક બૅચના વિદ્યાર્થીઓ હાજરી આપશે. આ પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલય સંસ્થાના ચૅરમૅન વલ્લભભાઈ ઍમ પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના ચૅરમૅન કનુભાઈ પટેલ અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના રજિસ્ટ્રાર ડૉ. ઍસ કે મંત્રાલા ઉપસ્થિત રહેશે. સામગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના ડિરેક્ટર ડૉ. ભાવિન પંડ્યાના માર્ગદર્શન હેઠળ પ્રાધ્યાપકો અનો વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું છે.

### અમદાવાદ ખાતે

## કુસુમબેન મેઘાણીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ‘સ્મરણાંજલી’ કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૧૫

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનાં પુત્રવધૂ અને પિનાકી મેઘાણીનાં માતા સ્વ. કુસુમબેન નાનકભાઈ મેઘાણીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ‘સ્મરણાંજલિ’ કાર્યકર્મનું આયોજન ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા અમદાવાદ ખાતે થયું હતું.

વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર ખ્યાતનામ પાર્શ્વગાયક તુષાર ત્રિવેદી (પુણે-અમદાવાદ)એ એક સ્વજન તરીકે લાગણીથી પ્રેરાઈને સ્વ. કુસુમબેન મેઘાણીને જૂનાં ગીતો થકી હ્લસ્વરાંજલિ’ અર્પણ કરી હતી.

# બી.કોમ. બાદ એમ.બી.એ. કરવું છે, શું કરવું?

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. ‘કરિયર કોર્નર‘ કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર ‘લાઈક’ કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**પ્રશ્ન ૧ : હું હાલ કોલેજ માં અભ્યાસ કરું છું.હું લેબ ટેક્નિશિયન માં માસ્ટર કરવા માંગુ છું. શું કરવું?**

**- તીર્થ જોશી, ગાંધીનગર**

તીર્થ, સૌપ્રથમ તો આપને લેબ ટેક્નિશિયન ની માહિતી આપીએ તો ,તબીબી ક્ષેત્ર માં એવા પણ ઘણા વિકલ્પો ઉપબ્ધ છે જેમાં આપ દર્દી ના પ્રત્યક્ષ સંપર્ક માં આવ્યા વિના એટ્લે કે રૂબરૂ મળ્યા વગર પણ એ ક્ષેત્ર માં કામ કરી શકો છો.એ અનુસંધાન માં જ એક બહુ સારો વિકલ્પ છે મેડિકલ લેબ ટેક્નિશિયન.જ્યારે એક બાજુ મોટા ભાગ ક્ષેત્ર માં નોકરી મેળવનાર ની સંખ્યા ઓછી થઈ રહી છે ત્યાં એક રિપોર્ટ પ્રમાણે આ ક્ષેત્ર માં નોકરી મેળવનાર ની સંખ્યા ૨૦૨૪ સુધી માં ૧૮% સુધી વધવાનો પણ અંદાઝ છે.જે બહુ સારી વાત છે. તબીબી લેબોરેટરી તકનીકને ક્લિનિકલ લેબોરેટરી સાયન્સ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ક્ષેત્ર મુખ્યત્વે ક્લિનિકલ પ્રયોગશાળા પરીક્ષણો દ્વારા રોગના નિદાન,



સારવાર અને નિવારણથી સંબંધિત છે. અભ્યાસક્રમના ભાગરૂપે, વિદ્યાર્થીઓ પરીક્ષણોનું નિદાન કરવા શીખે છે જે રોગના નિદાન અને સારવારમાં મદદ કરે છે. આ ઉપરાંત, કોર્સ અદ્યતન સાધનોને હેન્ડલ કરવા માટે આવશ્યક કુશળતા સાથે ઉમેદવારોને સજ્જ કરે છે જેથી સચોટ પ્રયોગશાળા પરીક્ષણો કરે. મેડિકલ લેબ ટેક્નોલૉજિસ્ટ દ્વારા કરવામાં આવતી ફરજોની સંખ્યા અત્યંત માંગની સ્થિતિ બનાવે છે તબીબી પ્રયોગશાળા તકનીકીમાં કાર્ય કરવા માટે આપની પાસે સર્જનાત્મકતા, સમસ્યાનું નિરાકરણ કૌશલ્ય, નવીનતા અને સમય સૂચકતા અને ધીરજ હોવી ખૂબ જરૂરી છે.તે ક્ષેત્રમાં બ્લડ બેન્કિંગ, ક્લિનિકલ કેમિસ્ટ્રી, હેમેટોલોજી, ઈમ્યુનોલોજી, માઈક્રોબાયોલોજી, સાયટોટેકનોલોજી, યુરીન વિશ્લેષણ અને રક્ત નમૂના વગેરે જેવા ક્ષેત્રો શામેલ છે.લેબ ટેક્નિશિયન માં માસ્ટર કર્યા બાદ આપના સામે ઘણા વિકલ્પો ઉપલબ્ધ થઈ શકશે.જેમ કે સીટી સ્કેન ટેકનિશિયન , એમઆરઆઈ ટેકનિશિયન ,એક્સ રે ટેક્નિશિયન ,ડેન્ટલ મશીન તકનીકી, ઓપરેશન થિયેટર તકનીકી,એમઆરઆઈ તકનીકી, પેથોલોજી ટેકનોલોજી વગેરે.એ સિવાય પણ આપ રિસર્ચ લેબ અથવા કોઈ પ્રખ્યાત હોસ્પિટલ માં પણ લેબ ટેક્નિશિયન તરીકે આપ કામ કરી શકો છો. શુભેચ્છાઓ, એક ઉજ્જવળ ભવિષ્ય માટે.

**૨. હું બી.કોમ માં અભ્યાસ કરું છું. પોલિસ ડિપાર્ટમેંટમાં જોબ મેળવવા ઇચ્છું છું. શું કરવું?**

**- સ્મિત કરંડિયા, અમદાવાદ**

સ્મિત, આપને ખ્યાલ જ હશે કે દરેક રાજ્યનું પોલિસ ડિપાર્ટમેન્ટ જે તે રાજ્ય સરકારને હસ્તગત હોય છે. એટલેજ એ માટેની ભરતી પણ જે તે રાજ્ય સરકાર કરે છે. પોલિસ ડિપાર્ટમેન્ટમાં કોન્સ્ટેબલથી લઈ ને એસ.પી. સુધીના એકાધિક ડિપાર્ટમેન્ટ આવેલ હોય જેની પરોક્ષ અથવા પ્રત્યક્ષ ભરતી રાજ્ય સરકાર ધ્વારા થતી હોય છે. આ દેરેક પોસ્ટ માટે ભરતી સામાન્ય રીતે પ્રવેશ પ્રક્રિયા દ્વારા કરવામાં આવે છે. સૌ પ્રથમ સૌથી પ્રાથમિક સ્તરની વાત કરીએ તો એ છે કોન્સ્ટેબલ જેમા બે વિભાગ આવેલ હોય છે - એક છે હથિયારધારી અને અન્ય છે બિનહથિયારધારી. આ જગ્યા વર્ગ-૩ની કહેવામાં આવે છે. આ જગ્યા માટેની લાયકાત ધોરણ ૧૨ પાસ હોય છે. આ સ્તરથી ઉપર એક પોસ્ટ આવે છે કે જે છે એ.એસ.આઈ. અને પી.એસ.આઈ. આ બંને જગ્યાનો સમાવેશ ઉચ્ચ વર્ગ-૩માં થાય છે એટલે એ તેના પગાર ધોરણ અને હોદ્દો કોંસ્ટેબલ કરતા ઉંચો હોય છે. બંને જગ્યા માટેની લાયકાત સ્નાતક કક્ષાની હોય છે. એના પછી વાત કરીએ તો વર્ગ-૨ની પોસ્ટ માટે પી.આઇ. એટ્લે કે પોલિસ ઈન્સ્પેક્ટર અને ડી.વાય.એસ.પી. એટ્લે કે ડેપ્યુટી સુપ્રિટેનડંટ ઓફ પોલિસ ની ડાઈરેક્ટ ભરતી જી.પી.એસ.સી. દ્વારા થાય છે. આની લયકાત પણ સ્નાતક કક્ષાની હોય છે. ધ્યાન રાખવા લાયક બાબત એ છે કે પોલિસ એટ્લે રક્ષાદળ અને એટલા માટેજ દરેક જગ્યા માટે આપની યોગ્ય શારીરિક ક્ષમતા હોવી જરૂરી છે. શારીરિક ક્ષમતાની કસોટી અલગથી લેવાતી હોય છે.



ઉપરોક્ત જણાવેલ જગ્યાઓ સિવાય જો આપને ખૂબજ સિનિયર પોલિસ અધિકારી બનવું હોય તો આપે યૂ.પી.એસ.સી. દ્વારા લેવાતી સિવિલ સર્વિસિસની પરીક્ષા આપવાની રહે છે. આ પરીક્ષા દ્વારા, આપના મેરીટ પ્રમાણે, આપ એક આઈ. પી. એસ. ઓફિસર બની શકો છો. આઈ. પી. એસ. ઓફિસર એક ખુબજ સિનિયર પોસ્ટ છે. આપ ચોક્કસ દિશામાં મેહનત કરશો અને શારીરિક બાબતોની તૈયારી અત્યારથી જ કરશો તો આપને સફળતા જરૂર મળશે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું બી.કોમ.માં અભ્યાસ કરું છું. એમ.બી.એ. કરવા માંગુ છું. માહિતી આપશો.**

**- જનક પુરોહિત, ગાંધીનગર**

એમ.બી.એ તમે વિચારી રહ્યા છો એ એક સારો વિકલ્પ છે અને તમને આગળ એક સારું કરિયર બનાવી આપશે. બહુજ અગત્યની વાત એ છે કે તમે એમ.બી.એ કોઈ નામાંકિત કોલેજમાથી કરો. આજકાલ ઘણી એમ.બી.એ અને તેના જેવા અભ્યાસક્રમ કરાવતી સંસ્થાઓ ઉપલબ્ધ છે..કોલેજ સિલેક્ટ કરતાં પેહલા તે સરકાર માન્ય છે કે નહીં તે ચકાસી લેવું. સામાન્ય રીતે જો ભારતમાં સ્થિત કોઈ સારી કોલેજમાંથી એમ.બી.એ કરવું હોય તો સી.એ.ટી , સી.એમ.એ.ટી, એક્સ.એ.ટી, એસ.એન.આ.પી , એન.એમ.એ ટી , વિગેરે જેવી પરીક્ષા આપવી પડતી હોય છે. તેમાં સિલેક્ટ થયા પછી તમારી પર્સનાલિટીનું મૂલ્યાંકન અમુક ચોક્કસ ટેસ્ટ દ્વારા કરવામાં આવે છે. એમાં પણ ઉતીર્ણ થયા પછી સિલેકશન થતું હોય છે. અનુભવની વાત કરીયે તો જેટલો હોય તેટલો સારો ગણાય. છતાં લગભગ ૨ વર્ષથી વધારે જો અનુભવ હોય તો સારું ગણાતું હોય છે. અગત્યની વાત એ છે



કે એમ.બી.એ કરવા માટે અનુભવ જરૂરી નથી. સારી એમ.બી.એ કોલેજમાં લગભગ ૫૦% વિદ્યાર્થીઓ અનુભવી અને બાકીના ૫૦% બિનઅનુભવી હોતા હોય છે.આમ આપ અત્યાર થી થી એમ.બી.એ માટે લેવામાં આવતી જણાવેલ પ્રવેશ પરીક્ષાઓ માટે ની યોગ્ય તૈયારી ચાલુ કરી ને કોઈ સારી પ્રતિષ્ઠિત કોલેજ માં પ્રવેશ મેળવી શકો છો. આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈમેઈલ કે વ્હોટ્સ એપ કરી શકો છો.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ:questions.careercorner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner